# હું હિંમતનગર સાયકલ લઈને ફરતો હતો : નરેન્દ્ર મોદી





સાબરકાંઠાના હિંમતનગર ખાતે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચુંટણી પ્રચાર માટે સભા યોજી હતી. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના લોકોને સંબોધવા માટે થઈને મોદીએ સભા યોજી હતી અને પોતાને ગુજરાતમાં ખુણે ખુણે દીકરા નો પ્રેમ મળી રહ્યો હોવાનુ કહી લોકોના દીલ જીતવાનો પ્રયાસ કર્યો હતો. હિમતનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સભા યોજી હતી અને તેમણે લોકોના દીલ જીતવાનો પ્રયાસ કર્યો હતો. મોદી એ હિંમતનગરમાં પોતે સાયકલ લઈ ને ફરતા હોવાના દીવસો લોકોને યાદ કરાવ્યા હતા અને અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં અનેક લોકોને નામથી ઓળખતા હોવાનુ જણાવ્યુ હતુ.તો વળી સાબરકાંઠા અને અરવલ્લી સહીત ઉત્તર ગુજરાતમાં સિંચાઈ માટે મહી નદીના પાણીને પહોંચાડવા માટે સુઝલામ સુફલામ કેનાલ બનાવી હતી અને એ બનાવતા જ કોંગ્રેસના નેતા અને રાજસ્થાનના પુર્વ મુખ્યપ્રધાન અશોક ગેહલોતે વાંધો ઉઠાવી વિરોધ કરીને મને પત્ર લખ્યો હતો અને કેન્દ્ર સરકારમાં પણ વિરોધ ઉઠાવ્યો હતો.આમ મોદીએ ઉત્તર ગુજરાતના ખેડુતો માટેની યોજનાના વિરોધને લઈને આ મુદ્દા ને હવે ચુંટણીમાં વોટ થી બદલો આપવા કહ્યુ હતુ.

## કોંગ્રેસ જેવી દેશવિરોધી માનસિકતાવાળી પાર્ટીને ગુજરાતીઓના દિલમાં કોઈ સ્થાન નહિ : અમિત શાહ

ડીસા

બનાસકાંઠામાં તમામ નવ વિધાનસભા બેઠકોની ચૂંટણી માટે






આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનાર મતદાન પૂર્વે પ્રચાર ઝુંબેશ વેગિલી બની ગઈ છે ત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પણ આજે ડીસામાં જંગી જાહેર સભાને સંબોધી હતી. ડીસાના હવાઈ પિલલર મેદાન પર યોજાયેલી આ સભામાં ભરચક ભીડ જામી હતી.

ડીસામાં આયોજિત સભાને સંબોધવા આવેલા અમિત શાહનું સભા સ્થળે આગમન થતા ડીસા બેઠકના ઉમેદવાર શશિકાન્તભાઈ પંડ્યા, ડીસા બેઠકના ઈનચાર્જ મગનલાલ માળી સહિત અન્ય અગ્રણીઓએ અમિત શાહનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી ઉપર તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે દેશવિરોધી માનસિકતા ધરાવતી કોંગ્રેસ પાર્ટીને હવે ગુજરાતીઓના દિલમાં કોઈ સ્થાન મળે તેમ નથી.ગુજરાતમાં ભાજપ ફરી વત કે સાથ શાસન ધૂરા સાંભળશે તેવો દાવો કરી અમિત શાહે આ વખતે ડીસા સહિત બનાસકાંઠાની તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા આહવાન પણ કર્યું હતું.

આ સભામાં પાટણના સંસદસભ્ય લીલાધરભાઈ વાઘેલા, એસટી નિગમના ડિરેકટર દિનેશભાઈ અનાવાડિયા, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળી, ડીસા શહેર પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ,ડીસા તાલુકા પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, ડો.રાજુલબેન દેસાઈ સહિત અન્ય અગ્રણીઓ તેમજ કાર્યકરોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ડીસા બેઠક પર કમળ ખીલવવાની અમિત શાહને ખાતરી આપી હતી.

### જાહેરસભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલે કોંગ્રેસને જિલ્લામાંથી નેસ્તનાબુદ કરવા માટે મતદારોને અપીલ કરી હતી.
- માણસા ભાજપના ઉમેદવાર અમિત ચૌધરીએ જણાંવ્યુ હતુ કે ભાજપને ૧૫૦ પ્લસ કરવાનુ સ્વપ્ર કેસરીયા સેના પુરુ કરશે.
- ગાંધીનગર દક્ષિણના ઉમેદવાર શંભુજી ઠાકોરે જણાંવ્યુ હતુ કે ભાજપના નેતૃત્વએ મારી પર વિશ્વાસ મુકી મને ત્રીજીવાર ટીકીટ આપી છે.
- પ્રધાનમંત્રીની જાહેરસભામાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, ભાજપના વાડીભાઈ પટેલ, આશિષ દવે જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશ શાહ, મહેન્દ્ર દાસ, સાંસદ જયશ્રીબેન, અશોક ભાવસાર માજી સાંસદ ડો એ કે પટેલ, ભાજપના મહામંત્રી કે સી પટેલ કલોલ ભાજપના ઉમેદવાર ડો અતુલ પટેલ, સહીત પાંચેય બેઠકના ભાજપના ઉમેદવારો હાજર રહયા હતા.

### ઓટ નહીં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી દેખાયુ. જે સ્થિતિને ધ્યાને લઈ સુજલામ સુફલામ યોજના અમલમાં મુકી દરિયામાં જતુ પાણી અટકાવી ગામડા સુધી લઈ આવ્યા પાણીના તળ ઉંચા આવ્યા. ત્યારે કોંગ્રેસ પાર્ટીના નેતા રાજસ્થાનના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ગહેલોતે સરકારને પત્ર લખ્યો મહી નદીનુ પાણી વાપરવાનો તમને હક્ક નથી. ભારત સરકારે પણ છાશવારે નોટીસો આપી પરંતુ ઉત્તર ગુજરાતની બહેનોના માથેથી બેડા ઉતારવા હુ નમ્યો ન હતો. પ્રધાનમંત્રીએ જણાંવ્યુ હતુ કે મારે તમારા આર્શીવાદ જોઈએ છે..આપશો બે દાયકાથી તમે મને સરકારમાં જોયો છે. મુખ્યમંત્રી હતો ત્યારે અને પ્રધાનમંત્રી છુ ત્યારે પણ એક પણ કામ એવુ કર્યુ નથી કે દેશ કે ગુજરાતની જનતાને નીચુ જોવુ પડે. અમે દેશ માટે જીવીએ છીએ. દેશને આગળ લઈ જવા માટે એ ડી ચોટીનુ જોર લગાવીએ છીએ. મનમોહનસિંહ આજકાલ ગુજરાત આવે છે. પ્રધાનમંત્રી હતા ત્યારે સરદાર સરોવર ડેમના વિજળીના પ્રોજેકટ માટે હુ બોલાવતો હતો ત્યારે પણ આવતા ન હતા. નોટબંધીને લઈને ઘણાં દુખી છે. ઘણાનુ ઘણુ બધુ ગયુ છે. તેમણે મહીલાઓની સમસ્યાને ધ્યાને લઈને જણાંવ્યુ હતુ કે ગેસનુ જોડાણ લેવા માટે આમ નાગરિકોએ અગાઉ આંટા મારવા પડતા હતા ભાજપ સરકારે અત્યાર સુધીમાં ૩.૨૫ કરોડ ઘરોમાં મફત ગેસના જોડાણ આપ્યા છે. દેશના યુવાનોને પગભર કરવા માટે મુદ્રા યોજના અન્વેય કોઈપણ પ્રકારની ગેરંટી વગર રૂ ૧ કરોડની લોન આપી છે. અત્યાર સુધી ૯ કરોડથી વધુ યુવાનોએ આ યોજનાનો લાભ લીધો છે. જે અન્વયે ૪ લાખ કરોડથી વધુ રકમ ચુકવી છે. સામાન્ય માનવીનુ જીવન પણ બદલવુ છે. ૫ કરોડ શૌચાલયો બનાવ્યા છે. દિલ્હીમાં તમારો જણ બેઠો છે. ત્યારે ગુજરાતને પ્રગતિની નવી ઉંચાઈએ લઈ જવા માટે તમારા બે હાથમાં લાડવા છે. તેમણે ગત ચુંટણીના પરિણામોનો ઉલ્લેખ કરી મોદીને જ હરાવવા માટે ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર વિજય અપાવવા માટે હાકલ કરી હતી.

### બદલી નાંખશે?... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂપાલ વરદાયીની માતાજીના મંદિરે દર્શન કરીને માતાજીના આશિર્વાદ લીધા બાદ હાર્દિક પટેલ ૧૨ ડિસેમ્બરે સવારે ૧૦ વાગ્યે જાહેરસભા સંબોધશે તેમ પાસ દ્વારા જણાવવામાં આવ્યુ છે. ૧૦, ૧૧ અને ૧૨ ડિસેમ્બરની આ ત્રણ મહાસભાઓમાં રાહુલ ગાંધી, અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલનો મેજીક ચાલી જશે તો ભાજપને ગાંધીનગરની બેઠકો જીતવામાં પરસેવો આવી જશે તેવી ચર્ચા ચાલી રહી છે.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

આપ્યા હતા. ગુજરાત વિધાનસભાની ચૂંટણી છે ત્યારે નવી વિધાનસભાના ચૂંટાનારા પ્રજાના પ્રતિનિધિઓ વેતન-ભથ્થાં અને પેન્શન બાબતે ગાંધી વિચારને ધ્યાનમાં લે તો કેવું રૂડું ? ગમે તે પક્ષના હોય પણ વેતન - ભથ્થા પેન્શન બાબતે એકમત થઈને કંઈક નવું વિચારે તો? ગાંધીના ગુજરાત તરીકે વૈશ્વિક ઓળખ પામેલા આપણા રાજયના પ્રજા પ્રતિનિધિઓ પાસે આવી આશા - અપેક્ષા અસ્થાને તો નથી જ!

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### સજા માટે તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તો તેમને દુખ થશે અને આના માટે સજા ભોગવવા માટે પણ તૈયાર રહેશે. તેમણે કહ્યું હતું કે, ઓર અગર પાર્ટી કો ઈલેક્શન મેં કુછ ભી નુકસાન હોતા હૈ તો જો ભી ઉચિત દંડ કોંગ્રેસ પાર્ટી દેના ચાહે વો દે સકતી હૈ. તમામ સજા સ્વીકારવા માટે તેઓ તૈયાર છે. પાર્ટી નેતાએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી રાહુલ ગાંધીની લીડરશીપમાં શાનદાર કામ કરી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરશે. કોંગ્રેસે ગઈકાલે મોડી રાત્રે જ પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી અય્યરને સસ્પેન્ડ કરી દીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નીચ આદમી તરીકેના શબ્દોનો ઉપયોગ કર્યા બાદ કોંગ્રેસ પાર્ટી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. મણિશંકર અય્યરના નિવેદન બાદ કોંગ્રેસ પાર્ટીમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ડેમેજ કન્ટ્રોલ કવાયતના ભાગરુપે તરત જ કાર્યવાહી કરવામાં આવી હતી અને મણિશંકર અય્યરને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આવતીકાલે ગુજરાતમાં પ્રથમ તબક્કાનું મતદાન યોજાનાર છે જ્યારે ૧૪મી ડિસેમ્બરના દિવસે બીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. અય્યરે આજે દાવા સાથે કહ્યું હતું કે, આ વખતે કોંગ્રેસ પાર્ટી ગુજરાતમાં શાનદાર દેખાવ કરશે. બીઆર આંબેડકરના નામે મત માંગવા કોંગ્રેસ પાર્ટી ઉપર મોદીએ આક્ષેપ કર્યા બાદ અય્યરે આ પ્રકારનું નિવેદન કર્યું હતું પરંતુ અય્યરે ખોટુ નિવેદન કરી દીધું હતું. આખરે મણિશંકર અય્યરને પણ શરતી માફી માંગવાની ફરજ પડી હતી. રાહુલ ગાંધીએ માફી માંગવા કહ્યું હતું. આખરે મણિશંકર અય્યરને ગઈકાલે રાત્રે જ સસ્પેન્ડ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અય્યર નીચ જેવા શબ્દનો ઉપયોગ કરીને મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને ભાજપે ચૂંટણી સમયે આ શબ્દોનો ઉપયોગ સતત કરવા કમરકસી લીધી છે.

### વિકસતા રાજ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેવાલ પ્રમાણે મેક્રોઈકોનોમીના ત્રણેય મહત્વના પેરામીટર પર ગુજરાતનું પરફોર્મન્સ સા રહ્યું છે. તેમજ આ સમયગાળામાં દેશના ગ્રોથ રેટ કરતા પણ ગુજરાતનો ગ્રોથ રેટ વધુ હતો. યારે રાજકોષીય ખાધ એફઆરબીએમના કાયદા દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ ટાર્ગેટ કરતા ઓછી હતી. યારે મહારાષ્ટ્ર પણ આ ત્રણેય પેરામીટર આધારે ઘણુ સા પ્રદર્શન કયુ છે. રીલિઝ કરવામાં આવેલ અહેવાલમાં કહેવાયું કે, ૨૦૧૩–૧૭ નાણાંકીય વર્ષોમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને હરીયાણા ભારતના અન્ય રાયોની સાપેક્ષમાં સૌથી ઝડપે પ્રગતી કરતા રાયો છે. યારે પંજાબ, ઉત્તપ્રદેશ અને કેરળ બોટમ લાઈન પર છે.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મતાધિકારનો ઉપયોગ કરવા ઉત્સુક છે. આ મતદારોમાં ૧૧૦૦૫૯૩૩ પુરૂષ મતદારો છે. જ્યારે ૧૦૧૨૫૪૭૨ મહિલા મતદારો છે. આવી જ રીતે ૨૪૭ થર્ડ જેન્ડર મતદારો છે. પ્રથમ ચરણમાં કેટલીક બેઠકો પર ૧૬થી વધુ ઉમેદવારો રહેલા છે. ૯મી ડિસેમ્બરના દિવસે યોજનાર પ્રથમ તબક્કાના મતદાનને લઈને ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આજે પ્રથમ તબક્કાના મતદાન પહેલા ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત તમામ ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. અને છેલ્લી ઘડી સુધી મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતાગઈકાલે ગુરૂવારના દિવસે પ્રચારના છેલ્લે દિવસે તમામ દિગ્ગજો પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ પ્રચારમાં રહ્યા હતા. કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓએ પણ તમામ તાકાત લગાવી દીધી હતી.રાજય વિધાનસભાની આ પહેલી ચૂંટણી છે કે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર આ ચૂંટણી યોજાઈ રહી છે . આ પરિસ્થિતિમાં જ્યાં એક તરફ વડાપ્રધાને પોતે તેમના પક્ષ ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર વિજયી બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રચારકાર્ય માટે ગુજરાતની વિવિધ સ્થળોએ જાહેરસભાઓ કરી હતી. ત્યાં બીજી તરફ કોંગ્રેસ તરફથી ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના નેતાઓ ઉમટી પડયા હતા .શનિવારે જે ૮૯ બેઠકો ઉપર મતદાન પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે.

## મહેસાણા બેઠક પર સૌથી વધુ ૩૪ અને કડીમાં સૌથી ઓછા ૮ ઉમેદવારો

મહેસાણા, તા. ૮

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની કુલ સાત બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ અન્ય રાજકીય પાર્ટીઓ તેમજ અપક્ષ સહિત કુલ ૧૦૦ ઉમેદવારો ચૂંટણી જંગ લડી રહ્યા છે. જેમાં મહેસાણા બેઠક પર સૌથી વધુ ૩૪ ઉમેદવારો અને સૌથી ઓછા કડી (અ.જા.) બેઠક પર ૮ ઉમેદવારો છે. જ્યારે ખેરાલુ સીટ પર ૯, ઊંઝા સીટ પર ૧૨, વિસનગર પર ૯, બેચરાજી બેઠક પર ૧૪ અને વિજાપુર બેઠક પર ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ મંડાયો છે. આ વખતની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનના એપી સેન્ટર ગણાતા તેમજ રાજકીય લેબોરેટરી એવા મહેસાણા જિલ્લામાં હાર્દિક પટેલ-સમીકરણને ધ્યાનમાં લઈને ભાજપ અને કોંગ્રેસ પક્ષે ઉમેદવારોની પસંદગી કરી છે. જિલ્લામાં પાટીદારોના પ્રભુત્વ ધરાવતી મહેસાણા, વિજાપુર, વિસનગર, બેચરાજી, ઊંઝા બેઠકો પર વિજાપુરને બાદ કરતા ભાજપના વર્તમાન ધારાસભ્યોને રીપીટ કર્યા છે. જ્યારે વિજાપુર બેઠક પર નવોદિત ઉમેદવારની પસંદગી કરવામાં આવી છે. ખેરાલુ બેઠક પર ભાજપના વર્તમાન ધારાસભ્યને રીપીટ કરાયા છે. કડીની અનામત બેઠક પર ભાજપના નવોદિત ઉમેદવારની પસંદગી થઈ છે.

જ્યારે કોંગ્રેસમાં મહેસાણા બેઠક પર પૂર્વ સાંસદ, કડી બેઠક પર વર્તમાન ધારાસભ્ય રીપીટ, ઊંઝામાં પાછલી ચૂંટણીમાં હારી ગયેલ મહિલા ઉમેદવારને ટિકિટ અપાઈ છે. તો વિસનગરમાં નવોદિત ઉમેદવાર તેમજ ખેરાલુ અને બેચરાજી બેઠકો પર પણ નવા ઉમેદવારો મુક્યા છે. જિલ્લામાં મહેસાણા સિવાયની અન્ય છ બેઠકો પર દાવેદારી કરનાર ભાજપના કાર્યકરો કપાયા છે. આથી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં ઉમેદવારોની પસંદગીને લઈને આંતરિક વિરોધ, નારાજગી છતી થઈ છે. આ ઉપરાંત પાટીદાર ફેક્ટર, ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેકારી બેરોજગારી, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ જેવા મુદ્દાઓને કારણે ભાજપને ચૂંટણીમાં વધુ મહેનત કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સામાપક્ષે કોંગી ઉમેદવારોને પણ મથામણ કરવી પડે તેમ છે. ભાજપ વિકાસના મુદ્દે ચૂંટણીમાં મતદારોને આકર્ષવાના પ્રયાસો કરે છે. તો કોંગ્રેસ નવસર્જનના નામે પ્રચાર કરે છે. તો અન્ય પાર્ટીઓના ઉમેદવારો તેમજ અપક્ષો મતદારોનો સહકાર મેળવવા મથી રહ્યા છે. કેટલાક બેઠકો પર અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ સક્ષમ ગણાતા અપક્ષો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને હંફાવી રહ્યા છે.

દરમિયાન જિલ્લામાં ચૂંટણી પ્રચાર વેગીલો બની ગયો છે. ભાજપ અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની જાહેરસભાઓ યોજાઈ રહી છે. આ બંને પક્ષોએ ચૂંટણીમાં ઓડીચોટીનું જોર લગાવ્યુ છે. ચૂંટણી મેદાનમાં ઉભેલા ઉમેદવારો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જાહેરસભાઓ, ખાટલા પરિષદો તેમજ ડોર ટુ ડોર મતદારોનો સંપર્ક સાધી મતદારોને પોતાની તરફ ખેંચવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. જિલ્લાના કુલ મતદારોમાં પુરૂષ ૮૨૩૦૧૬ અને સ્ત્રી ૭૬૧૬૦૦ છે. આ વખતની ચૂંટણીમા કોંગ્રેસે એક માત્ર મહિલા ઉમેદવારને ઊંઝામાં ટિકિટ આપી છે. તો મહિલા સશક્તિકરણની વાતો કરતા ભાજપે જિલ્લામાં એક પણ બેઠક પર મહિલા ઉમેદવારને ટિકિટ આપી નથી. જો કે અન્ય પક્ષોની કેટલીક મહિલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

પાટીદાર અનામત આંદોલનના એપી સેન્ટર મહેસાણા જિલ્લામાં પાટીદારોની બહુમતિવાળા વિસ્તારોમાં મતોના ભાગલા પડે તેવી સ્થિતિ જણાય છે. જિલ્લાની મહેસાણા, ઊંઝા, વિસનગર, વિજાપુર, બેચરાજી બેઠકો પર પાટીદાર મતો નિર્ણાયક બની રહેશે તેવુ ચર્ચાય છે.

## મોડાસા તાલુકા કોંગ્રેસમાં ભડકો : યુવા મોરચાના મહામંત્રી ભાજપમાં જોડાયા

મોડાસા, તા. ૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના ગણતરીના દિવસો બાકી છે ત્યારે



અરવલ્લી જિલ્લામાં પક્ષ પલ્ટાની મોસમ પૂર બહાર ખીલવાની સાથે આગામી સમયમાં આક્રમક બની શકે છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે એકબીજાના આગેવાનો અને કાર્યકરો પોતાના પક્ષમાં લેવાની હોડ જામી હોય તેવા દ્રશ્યો વચ્ચે ગુરુવારે રાત્રીએ ભાજપના મોડાસા શહેર યુવા મોરચાનું સંમેલનમાં મોડાસા તાલુકા કોંગ્રેસ યુવા મોરચાના મહામંત્રી ભાજપમાં જોડાતા કોંગ્રેસમાં ભડાકો થયો હતો. ભાજપ યુવા સંમેલનમાં જવાબદાર હોદ્દેદારોએ કોંગ્રેસના ૪૦થી વધુ યુવા કોંગ્રેસના કાર્યકરોએ કેસરિયો ધારણ કર્યો હોવાનો દાવો કર્યો હતો.

મોડાસાના સથવારા કડિયા સમાજવાડીમાં ગુરુવારે રાત્રે શહેર યુવા મોરચાનું સંમેલન આગામી ૧૪ ડિસેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં રણનીતિ બનાવવા અને શુક્રવારે હિંમતનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર સંમેલનમાં યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તે માટે યોજાયું હતું. આ સંમેલનમાં મોડાસા તાલુકા કોંગ્રેસના યુવા મોરચાના મહામંત્રી હેપ્પી પટેલ ભાજપમાં જોડાતા યુવા સંમેલનના હોદેદારોએ કેસરિયો પહેરાવી આવકારતા કોંગ્રેસ યુવા મોરચામાં ભંગાણ સર્જાયું હતું. ભાજપ મોડાસા શહેર યુવા મોરચાના હોદેદારોએ ૪૦થી વધુ કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા હોવાનો દાવો કર્યો હતો. આગામી સમયમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ડેમેજ કેન્ટ્રોલ નહિ કરાય તો વધુ કોંગ્રેસી અગ્રણીઓને ભાજપ ખેંચી જાય તો નવાઈ નહિ.

